રાજ્યના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણવાળા ગ્રાહકો/બીન ગ્રાહકોનાં બાકી લ્હેણાની વસુલાત માટેની "માફી યોજના-૨૦૧૭"

ગુજરાત સરકાર

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧,

નવા સચિવાલય,ગાંધીનગર

તારીખ: 18 OCT 2017

**વંચાણે લીધા:**

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, તા. ૧૨/૧૦/૨૦૧૭

**સુધારા ઠરાવ:**

રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યના વીજ ગ્રાહકો/બીન ગ્રાહકોની લ્હેણી રકમની વસુલાત માટેની "માફી યોજના-૨૦૧૭" વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ છે, જેમાં નિયત કરવામાં આવેલ માપદંડો/ધારાધોરણો/ શરતોમા નીચેની શરત નં. ૨૪ આમેજ કરવાનું પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે.

*૨૪. આ માફી યોજના અંતર્ગત ઘર વપરાશનાં વીજ જોડાણ ( BPL તથા Non BPL) અને કૃષિ વીજ ગ્રાહકો માટે માફ કરવાની થતી મુદ્દલ (Principal Amount) ની તમામ રકમ અને ઘરવપરાશનાં વીજ જોડાણ (BPL તથા Non BPL) સહિત તમામ વીજ ગ્રાહકો માટે વ્યાજ માફીની તમામ રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. એ ભોગવવાની રહેશે.*

સદર યોજનાના અન્ય માપદંડો/શરતો/ધારાધોરણો વંચાણે લીધેલ ક્રમાંક-(૧) સામેનાં ઠરાવમાં દર્શાવ્યા મુજબ યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૧૨/૧૦/૨૦૧૭ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઈન્દીરા ગામીત)
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

પાછળ..

- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રી (રાજ્યકક્ષા) નાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષનાં નેતાશ્રીનાં અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સચિવશ્રી, ગુજરાત વીજ નિયમન આયોગ, ગીફ્ટ સીટી, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નાણા સલાહકારશ્રી(ઉર્જા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી અને વિદ્યુત શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ